**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૫/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 470 તા. 22 AUG 2022.

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
જુઠાભાઈ નારણભાઈ કરંગીયા
યોગેશ્વર નગર-૨,
બંસીધર સ્કુલ સામે,ધરમપુર
જી. :દેવભુમી દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૦૫ મોબાઈલ : ૭૫૭૫૦૪૮૩૦૦

વિષય : અમારા નવા ખેતી વિષયક વીજ જોડાણ અંગે.
સંદર્ભ : જુઠાભાઈ નારણભાઈ કરંગીયા ની રજુઆત તારીખ: ૧૦.૦૫.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧૫/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ખંભાળિયા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાળિયા રૂરલ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Junagadh

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-01/૨૦૨૨-૨૩/ 470 તા. 22 AUG 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૫/ક્વા-01/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી જુઠાભાઈ નારણભાઈ કરંગીયા ગામ – ધરમપુર

સબડીવીઝન: ખંભાળિયા ગ્રામ્ય

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ખંભાળીયા

## :: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

તારીખ: સોમવાર (૧૮-૦૭-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૭-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ ઉપરોકત અનુસંધાનથી ૧ અમારી અરજી તા. ૨૯-૧૨-૨૦૨૦) થી કાકાભાઈ સિંહણ ગ્રામ પંચાયતની હદ માં રેવન્યુ સર્વે નં. ૪૫૦ નવું ખેતીવાડી વિજ જોડાણ મેળવવા અરજી કરેલ. આ સર્વે નંબસ્માં એક વિજ જોડાણ ચાલુ હોવાથી બીજુ વિજ જોડાણ અમોને આપી શકાશે નહિં તે મતલબની મૌખીક જાણ અમારા સર્વે સમયે કરવામાં આવેલ.ત્યાર બાદ અમોએ તા. ૨૨-૩-૨૦૨૨ના રોજ રસીદ નં. ૪૯૦૭૮૭ થી રૂા. ૨૩૬ ભરી અમોને તાલુકા પંચાયત કચેરી, ખંભાલીઆ દ્વારા ફાળવવામાં આવેલ કાકાભાઈ સિંહણ ગ્રામ પંચાયતની હદમાં રેવન્યુ સર્વે નંબર બીન નંબરી નદી નાળા વાળી એકર 0.01 ગુઠા વાળી જગ્યામાં સર્વે નંબર બદલી

આપવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ખંભાળીઆના ના વાંધા પ્રમાણપત્ર તેમજ પાઈપ લાઈન માટેની મંજુરી સહીતના જરૂરી કાગળો સાથે અરજી કરેલ. અમારા આશ્ચર્ય વચ્ચે ઉપરોકત અનુસંધાન ૩ નાયબ ઈજનેર શ્રી, ગ્રામ્ય પેટા વિભાગ, પીજીવીસીએલ, ખંભાળીઆના પત્ર નંબરઃ કેઆરએસડી / ટેકન ૨૦૨૨ ૧૫૧૫ તા. ૪-૫-૨૦૨૨) થી અમારા સર્વે નંબર ૪૫૦ માં ગ્રાહક નંબર ૩૩૦૮૩/૦૦૭૮૬/૮ વાળુ ખેતી વિષયક વિજ જોડાણ હયાત હોવાથી આપને બીજું વિજ જોડાણ આપી શકાય નહિં તેવો પત્ર નાયબ ઈજનેર શ્રી, ગ્રામ્ય પેટા વિભાગ, પીજીવીસીએલ, ખંભાળીઆનો મળેલ. સદર પત્રમાં અમારા સર્વે નંબર બદલવાની અરજી અંગેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. અમોએ સર્વે નંબર ૪૫૦ - કાકાભાઈ સિંહણ સિવાયથી અલગ જગ્યાએ વિજ જોડાણ માંગેલ છે. જે અમારા હયાત સર્વે નંબર ૪૫૦ - કાકાભાઈ સિંહણ થી ૧૦૦૦ ફુટ ની દુરી પર આવેલ છે. ત્યાંથી પાઈપ લાઈન દ્વારા અમારા સર્વે નંબર ૪૫૦ - કાકાભાઈ સિંહણ માં પાણી લઈ જવાની મંજુરી તાલુકા પંચાયત કચેરી ખંભાળીઆ દ્વારા આપવામાં આવેલ છે જે અમોએ સર્વે નંબર બદલીની અરજી સાથે જમા કરાવેલ.જી.ઈ.આર.સી. સપ્લાય કોડ ૨૦૧૫ કલોઝ નંબર ૪.૨૮ મુજબ અમારી'Legal Entity' અલગ છે. બે અલગ જગ્યાએથી એક સર્વે નંબરમાં પાણી ભેગુ કરીને વાપરી ન શકાય એવો કોઈ પરીપત્ર છે નહીં. અમોએ સ્થળ ફેર સાથે કરેલ અરજી અલગ સર્વે નંબર ની જ હોય અમોને અમારી માંગણી મુજબનું નવુ ખેતી વિષયક વિજ જોડાણ અંગે નાયબ ઈજનેર શ્રી, ગ્રામ્ય પેટા વિભાગ, પીજીવીસીએલ, ખંભાલીઆ ને જરૂરી હુકમ કરવા આપ સાહેબને નમ્ર વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી જુઠા નારણ કરંગીયા રે. ધરમપુર ખંભાળિયા કાકાભાઈ સિંહણ મુકામે સર્વે નંબર ૪૫૦ માં ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે રૂ. ૨૦૦/- રસીદનંબર ૧૭૦૭૯૯ તા. ૨૯.૧૨.૨૦૨૦ થી અરજી કરેલ છે. સદર અરજી અનુસંધાને માંગણીવાળી સર્વે નંબર ૪૫૦ નું સ્થાનિક કચેરી દ્વારા સર્વે કરતાં તે સર્વે નંબર માં જુઠા નારણ કરંગીયા નું ગ્રાહકનંબર ૩૩૦૮૩-૦૦૭૮૬-૮ વાંળું એક ખેતીવાડી વીજજોડાણ કુવા/બોર પર હયાત છે. સદર સર્વે નંબર વાળી જમીન 8 એકર થી ઓછી હોય પરિપત્ર નંબર GUVNL/T-2/RNR/2044 DT. 25.10.2016 મુજબ બીજું વીજ જોડાણ મળવા પાત્ર ન હોઈ નાયબ ઇજનેર ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા ના સામેલ પત્ર નંબર કેઆરએસડી/ ટેક/૧૫૨૫ તારીખ ૦૪.૦૫.૨૦૨૨ થી સદર વીજ જોડાણ મળવા પાત્ર ન હોય તે અરજદાર ને જણાવેલ છે.

3.૧ દરમિયાન અરજદાર દ્વારા તા. ૨૨.03.૨૦૨૨ ના રોજ તારીખ ૨૯.૧૨.૨૦૨૦ ની મૂળ અરજી ના અનુસંધાને સર્વે નંબર ૪૫૦ થી ૨/પૈકી ૧ (સરકારી ખરાબો (ઓરિયા) ) માં (L S CHANGE ) વીજ જોડાણ ના સ્થળ બદલી માટે અરજી કરેલ છે પરંતુ નાયબ ઇજનેર ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા ના સામેલ પત્ર નંબર કેઆરએસડી/ ટેક/2321 તારીખ 28.06.2022 મુજબ અરજદાર ને જવાબ આપેલ છે કે આ સાથે સામેલ પરિપત્ર નંબર GUVNL/T-3/AG/1021 DT. 18.08.2017 પેરા ૧ મુજબ પિયત માટે ની જમીન સર્વે નંબર ૪૫૦ કે જે ૮ એકર થી ઓછી હોય બીજું વીજ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

જોડાણ મળવા પાત્ર નથી. જેથી તારીખ ૨૨.૦૩.૨૦૨૨ ની સ્થળ બદલી(L S CHANGE ) માટે કરેલ અરજી સ્થાનિક ઓફિસે દફતરે કરેલ છે.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી જુઠા નારણ કરંગીયા રે. ધરમપુર ખંભાળિયા કાકાભાઈ સિંહણ મુકામે સર્વે નંબર ૪૫૦ માં ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે રૂ. ૨૦૦/- રસીદનંબર ૧૭૦૭૯૯ તા. ૨૯.૧૨.૨૦૨૦ થી અરજી કરેલ છે.

૪.૨ સંદર અરજી અનુસંધાને માંગણીવાળી સર્વે નંબર ૪૫૦ નું સ્થાનિક કચેરી દ્વારા સર્વે કરતાં તે સર્વે નંબર માં જુઠા નારણ કરંગીયા નું ગ્રાહકનંબર ૩૩૦૮૩-૦૦૭૮૬-૮ વાળું એક ખેતીવાડી વીજજોડાણ કુવા/બોર પર હયાત હોય અને સદર સર્વે નંબર વાળી જમીન ૮ એકર થી ઓછી હોય પરિપત્ર નંબર GUVNL/T-2/RNR/2044 DT. 25.10.2016 તથા પરિપત્ર નંબર GUVNL/T-3/AG/1021 DT. 18.08.2017 મુજબ બીજું વીજ જોડાણ આપવા પાત્ર નથી.

૪.3 અરજદાર શ્રી ની માંગણી મુજબ પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ એકજ સર્વે નં. માં જો આઠ એકર થી ઓછી જમીન હોય તો બીજું કનેક્શન મળવા પાત્ર નથી જેથી પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ની અરજી રદ કરવામાં આવેલ છે જે નિયમ મુજબ છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧